### વડોદરા શહેર અને જિલ્લાના 50 ઉપરાંતના પોલીસ ઈન્સપેક્ટરો અન્ય જગ્યાએ બદલી

# વડોદરા સહિત રાજ્યમાંથી 518 PIની બદલી

## અધિકારીઓને કોઈપણ પ્રકારની રજા ભોગવ્યા વિના તાત્કાલિક નવી જગ્યાએ હાજર થવા આદેશ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.26

વડોદરા શહેર અને જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓ માટે મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. ગૃહ વિભાગ દ્વારા સમગ્ર ગુજરાતમાં મોટાપાયે બદલીના આદેશો જાહેર કરવામાં આવ્યા છે, જેમાં કુલ 518 જેટલા પોલીસ અધિકારીઓનો સમાવેશ થાય છે. માત્ર વડોદરા શહેર અને જિલ્લામાં જ અંદાજે 50 જેટલા પોલીસ ઈન્સ્પેક્ટરોની બદલી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. જ્યારે શહેર જિલ્લામાં 30 જેટલા નવા પી.આઈ ની નિમણૂક કરવામાં આવી છે. જોકે વડોદરા શહેરની મહત્વની ગણાતી એવી ક્રાઈમ બ્રાન્ચ માંથી પણ બે પીઆઇ ની બદલી થઈ છે. માહિતી મુજબ વડોદરા શહેર તથા ગ્રામ્ય વિસ્તારોની વિવિધ પોલીસ શાખાઓમાં અન્ય જિલ્લાઓ અને શહેરોમાંથી 30થી વધુ નવા પોલીસ ઈન્સ્પેક્ટરોની નિમણૂક કરવામાં આવી છે. જેના કારણે શહેર અને જિલ્લાના કાયદો અને વ્યવસ્થાના માળખામાં ફેરફારો જોવા મળશે. નવા અધિકારીઓને તેમની ફરજ સંભાળવા માટે નિર્દેશ આપવામાં આવ્યા છે. આ બદલીનો મુખ્ય હેતુ લાંબા સમયથી એક જ જગ્યાએ ફરજ બજાવતા અધિકારીઓને રોટેશન હેઠળ નવી જગ્યાએ મોકલવાનો હોવાનું માનવામાં આવે છે. ગત ત્રણ વર્ષથી વધુ સમયથી એક જ સ્થાને ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટરોને ગૃહ વિભાગ દ્વારા બદલીના આદેશ આપવામાં આવ્યા છે. નિયમિત વહીવટી પ્રક્રિયા મુજબ આ પ્રકારની બદલી કરવામાં આવે છે, જેથી કાર્યક્ષમતા અને પારદર્શિતા જળવાઈ રહે. બદલીના આદેશો જાહેર થતા પોલીસ વિભાગમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે. કેટલાક પોલીસ ઈન્સ્પેક્ટરોમાં નવી જગ્યાએ કામ કરવાની ઉત્સુકતા અને ખુશી જોવા મળે છે, જ્યારે કેટલાક અધિકારીઓ માટે સ્થળાંતર થોડી અસુવિધાજનક પરિસ્થિતિ ઉભી કરે છે. ખાસ કરીને પરિવાર અને સ્થાનિક વ્યવસ્થાઓને લઈને કેટલાક અધિકારીઓમાં ચિંતા પણ વ્યક્ત થઈ રહી છે. મહત્વનું છે કે આવનારી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને આ બદલીના આદેશો જાહેર કરવામાં આવ્યા છે. ચૂંટણી પહેલા પોલીસ તંત્રને વધુ સક્રિય અને નિષ્પક્ષ બનાવવાના ઉદ્દેશ્યથી ગૃહ વિભાગ આ પ્રકારના નિર્ણયો લેતું હોય છે. જેથી કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સરળતા રહે અને ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ શકે.આ સમગ્ર પ્રક્રિયાને પગલે વડોદરા સહિત રાજ્યના પોલીસ વિભાગમાં નોંધપાત્ર પરિવર્તન પણ જોવા મળશે.

### વડોદરામાંથી કયા પોલીસ ઈન્સપેક્ટર કયા સ્થળે ગયા

| પીઆઈનું નામ | હાલનુ સ્થળ | બદલીનું સ્થળ | પીઆઈનું નામ | હાલનુ સ્થળ | બદલીનું સ્થળ |
|---|---|---|---|---|---|
| એમ આર ચૌધરી | વડોદરા ગ્રામ્ય | અમદાવાદ શહેર | આર જી જાડેજા | વડોદરા શહેર | જીપીએ કરાઇ |
| લક્ષદીપ મિયાત્રા | વડોદરા શહેર | ઇન્ટેલિજન્સ | એચ ડી તુવર | વડોદરા શહેર | વલસાડ |
| કે આર સિસોદીયા | વડોદરા ગ્રામ્ય | રાજકોટ ગ્રામ્ય | બી બી પટેલ | વડોદરા શહેર | જીપીએ કરાઇ |
| આર એસ ઠક્કર | વડોદરા શહેર | અમદાવાદ શહેર | આર બી ચૌહાણ | વડોદરા શહેર | ભાવનગર |
| જે ડી પરમાર | વડોદરા શહેર | રાજકોટ શહેર | સી બી ટંડેલ | વડોદરા શહેર | ભરૂચ |
| એન એમ ચૌધરી | વડોદરા શહેર | ગાંધીનગર | એચ એલ આહીર | વડોદરા શહેર | સાઇબર સેન્ટર ઓફ એકસલેન્સ |
| જે એમ ચાવડા | વડોદરા ગ્રામ્ય | આણંદ | વાય એમ મિશ્રા | વડોદરા શહેર | જીપીએ કરાઇ |
| એમ આર સંગાડા | વડોદરા શહેર | અરવલ્લી | ડી બી પરમાર | વડોદરા શહેર | સુરત શહેર |
| ટી એ દેસાઇ | વડોદરા શહેર | પાટણ | આર એમ પટેલ | વડોદરા શહેર | સુરત શહેર |
| કે એ પટેલ | વડોદરા ગ્રામ્ય | આણંદ | એસ એમ વસાવા | વડોદરા શહેર | વાવ થરાદ |
| ડી જે ચુડાસમા | પ. રેલવે | વડોદરા શહેર | કે કે જાદવ | વડોદરા શહેર | સુરત શહેર |
| પી ડી પરમાર | વડોદરા શહેર | અમદાવાદ શહેર | એમ કે ગુર્જર | વડોદરા શહેર | પંચમહાલ |
| ઝેડ એન ઘાસુરા | વડોદરા શહેર | અમદાવાદ શહેર | એ બી મોરી | વડોદરા શહેર | અમદાવાદ શહેર |
| બી એન પટેલ | વડોદરા શહેર | અમદાવાદ શહેર | જી વી ગોહિલ | વડોદરા વિભાગ | અમદાવાદ શહેર |
| એસ ડી રાતડા | વડોદરા શહેર | સુરત શહેર | ડી જી તડવી | વડોદરા ગ્રામ્ય | પંચમહાલ |
| આર ડી ચૌહાણ | વડોદરા શહેર | પાટણ | જે જી દેસાઇ | વડોદરા ગ્રામ્ય | પ.રે.અમદાવાદ |
| વી એસ પટેલ | વડોદરા શહેર | જીપીએ કરાઇ | એ કે ભરવાડા | વડોદરા ગ્રામ્ય | કચ્છ પશ્ચિમ ભુજ |
| એચ એમ વ્યાસ | વડોદરા શહેર | સીટીસી ખલાલ | વી એમ ટાંક | વડોદરા ગ્રામ્ય | સુરેન્દ્રનગર |
| વી એન ચૌધરી | વડોદરા ગ્રામ્ય | આદિજાતિ વિકાસ | એમ બી વસાવા | પ.રે. વડોદરા | કચ્છ પૂર્વ ગાંધીધામ |
| એસ જે વાઘેલા | વડોદરા ગ્રામ્ય | સીડીઓ | એમ આર નકુલ | પ.રે. વડોદરા | કચ્છ પશ્ચિમ ભુજ |
| એચ જે પટેલ | વડોદરા શહેર | એસીબી | કે એમ રાવલ | પીટીએસ વડોદરા | GUVNL વડોદરા |
| એસ એમ સગર | વડોદરા શહેર | અમરેલી | એ એ રાઠવા | પીટીએસ વડોદરા | સુરત શહેર |
| એમ બી રાઠોડ | વડોદરા શહેર | વાવ થરાદ | એસ ડી ડાંગર | પીટીએસ વડોદરા | દેવભુમિ દ્વારકા |
| પી જી તીવારી | વડોદરા શહેર | કચ્છી પશ્ચિમ ભુજ | એલ જી ખરાડી | પીટીએસ વડોદરા | મહેસાણા |
| એન એફ સિદ્દીકી | વડોદરા શહેર | સીઆઇડી ક્રાઇમ | કે જે ઝાલા | વડોદરા ગ્રામ્ય | નાગરીક સંરક્ષણ દળ |

### કોણ બદલી થઈને વડોદરા જિલ્લામાં આવ્યા

| નામ | હાલનું સ્થળ | બદલીનું સ્થળ |
|---|---|---|
| ડી જી પટેલ | કચ્છ પૂર્વ ગાંધીધામ | વડોદરા શહેર |
| વી કે ગઢવી | કચ્છ પૂર્વ ગાંધીધામ | વડોદરા શહેર |
| એચ એમ વાઘેલા | કચ્છ પશ્ચિમ ભુજ | વડોદરા શહેર |
| એ ટી પટેલ | બનાસકાંઠા | વડોદરા ગ્રામ્ય |
| એસ ડી સાલુકે | પોરબંદર | વડોદરા શહેર |
| ડી જે પટેલ | નવસારી | વડોદરા શહેર |
| એન એમ આહીર | નવસારી | વડોદરા ગ્રામ્ય |
| એમ આર ચાવડા | નવસારી | વડોદરા શહેર |
| ડી ડી લાડુમોર | નવસારી | વડોદરા શહેર |
| બી ડી જીતિયા | વલસાડ | વડોદરા શહેર |
| કે જી લિંબાચીયા | તાપી | વડોદરા શહેર |
| આર બી ભટોળ | સુરત ગ્રામ્ય | વડોદરા શહેર |
| એસ એમ ગામેતી | દાહોદ | વડોદરા શહેર |
| કે એ ચૌધરી | પંચમહાલ | વડોદરા શહેર |
| કે એચ ખરસાણ | ખેડા | વડોદરા શહેર |
| ડી એન ચુડાસમા | ખેડા | વડોદરા શહેર |
| એચ એન બારિયા | અમદાવાદા ગ્રામ્ય | વડોદરા શહેર |
| આર જે જાદવ | અમદાવાદ ગ્રામ્ય | પીટીએસ વડોદરા |
| એ પી ચૌધરી | સુરત શહેર | પીટીએસ વડોદરા |
| પી સી દેસાઇ | અમદાવાદ શહેર | વડોદરા શહેર |
| યુ એચ વસાવા | અમદાવાદ શહેર | વડોદરા શહેર |
| ડી બી પટેલ | અમદાવાદ શહેર | વડોદરા શહેર |
| કે પી ચાવડા | અમદાવાદ શહેર | વડોદરા શહેર |
| પી વી ગોહિલ | અમદાવાદ શહેર | વડોદરા ગ્રામ્ય |
| એચ એન પટેલ | અમદાવાદ શહેર | વડોદરા શહેર |
| જે કે ડાંગર | અમદાવાદ શહેર | વડોદરા શહેર |
| પી એમ ગામીત | અમદાવાદ શહેર | વડોદરા ગ્રામ્ય |
| એસ બી ચાવડા | અમદાવાદ શહેર | વડોદરા શહેર |
| આર આર વસાવા | કચ્છ પૂર્વ ગાંધીધામ | વડોદરા ગ્રામ્ય |
| આર બી ગોહિલ | બનાસકાંઠા | વડોદરા ગ્રામ્ય |
| પી જે ખરસાણ | સીઆઇડી ક્રાઇમ | વડોદરા ગ્રામ્ય |

*રાજ્ય પોલીસ દળમાં ફરજ બજાવતા 254 બિન હથિયારી PSI (વર્ગ-૩) ને PI (વર્ગ-૨) તરીકે હંગામી ધોરણે બઢતી આપવામાં આવી હતી તેમની નવી જગ્યાએ નિમણૂક થઈ છે. આ મેગા ટ્રાન્સફર ઓર્ડરમાં વડોદરા શહેર તેમજ વડોદરા ગ્રામ્યના અનેક અધિકારીઓની બદલી કરવામાં આવી છે.*

### ખાનગી સંસ્થાના કાર્યકરો દ્વારા મગરને રેસ્ક્યુ કરી વનવિભાગને સુપરત કરાયો

# જાંબુઆના ગોકુળ ડુપ્લેક્સ પાસે મગર દેખા દેતા લોકોમાં ફફડાટ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.26

વડોદરા શહેર નજીક જાંબુઆ ગામ પાસે આવેલા ગોકુળ ડુપ્લેક્સ પાસેના રોડ ઉપર ચાલવા નીકળેલા લોકોને મહાકાય મગર નજરે પડતા ફફડાટ ફેલાયો હતો. બનાવ અંગેની જાણ કરવામાં આવતા ખાનગી સંસ્થાના કાર્યકરો ઘટના સ્થળે દોડી ગયા હતા અને આશરે 8 થી 9 ફૂટના મહાકાય મગરને ભારે જહેમતે રેસ્ક્યુ કરી વનવિભાગને સોંપવામાં આવ્યો હતો. ખાનગી સંસ્થાના રેસ્ક્યુઅર જયેશભાઈએ જણાવ્યું હતું કે, જાંબુઆ ગામ નજીક ગોકુળ ડુપ્લેક્સ આવેલા છે અને અહીંથી વિશ્વામિત્રી નદી એકથી દોઢ કિલોમીટરના અંતરે આવેલી છે. જ્યારે બાજુમાંજ એક તળાવ આવેલું છે. હાલ ગરમીનો સમય છે એટલે લોકો એમના રાબેતા મુજબના સમયે રાત્રે ચાલવા માટે



અહીંથી નીકળ્યા હતા. દરમિયાન નજીકમાં જ એક જગ્યા છે. જ્યાં એક સાઈટના બાંધકામની કામગીરી ચાલી રહી છે. સોસાયટી નજીકમાં જ એક મોટો મગર રાત્રે ચાલવા માટે નીકળેલા રહીશોને નજરે પડ્યો હતો. જેથી તેમણે અમને ટેલીફોનિક માહિતી આપી હતી. અમને જાણ થતા જ અમે તરત જ સ્થળ પર પહોંચ્યા હતા. જ્યાં આઠથી નવ ફૂટ ના મહાકાય મગરને રેસક્યુ કરીને વન વિભાગને સોંપવામાં આવ્યો છે. હાલમાં ગરમીની સિઝન છે. જેના કારણે તળાવ સુકાતા હોય છે. એટલે રાત્રિના સમયે મગરો શાંત વાતાવરણમાં પોતાની જગ્યા પર પરત જવા માટે નીકળતા હોય છે. પરંતુ, હવે અહીંયા રેસિડેન્સીયલ વિસ્તાર થઈ ગયો છે. જેથી રહીશો અને મગર આમને સામને આવી જતા હોય છે. જેના કારણે લોકો મગરને જોઈને ઘણીવાર ગભરાઈ જતા હોય છે. પરંતુ ગભરાવાની જરૂર નથી. એ પણ એક વન્યજીવ છે. કોઈપણ વન્ય જીવ નજરે પડે તો તાત્કાલિક વનવિભાગ અથવા અન્ય પ્રાણીઓ માટે સંસ્થાઓ કાર્ય કરતી હોય છે, તેમનો સંપર્ક કરવામાં આવે તો વન્યજીવોનો પણ આપણે બચાવી શકીએ.

### શોર્ટ સર્કિટને કારણે આગ લાગતા લોકોમાં ભયનો માહોલ

# મકરપુરા સ્વામી રેસીડેન્સીના પ્રથમ માળે ફ્રુટના ગોડાઉનમાં ભીષણ આગ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.26

મકરપુરા એસટી ડેપો નજીકમાં આવેલા સ્વામી રેસીડેન્સી કોમ્પ્લેમાં ફ્રૂટનો ધંધો કરતા એક વેપારીના ગોડાઉનમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગતા લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. બનાવની જાણ કરવામાં આવતા ગાજરાવાડી ફાયર સ્ટેશનના જવાનોએ સ્થળ પર પહોંચી આગ બુઝાવી હતી. સદનસીબે ગોડાઉનમાં કોઈ હાજર નહીં હોવાથી જાનહાનિ થતા ટળી હતી. વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલા સ્વામી રેસીડેન્સી કોમ્પ્લેક્સ માં ફ્રુટના ગોડાઉનમાં આગ લાગતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. પ્રાથમિક તપાસ મુજબ આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું માનવામાં આવી રહ્યું છે. આ આગની ઘટનામાં ગોડાઉનમાં રાખેલ માલસામાન બળી જતા અંદાજે 30 થી 35 હજારનું



નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું હતું. ગોડાઉનના માલિક અનિશકુમાર યાદવે જણાવ્યું હતું કે ફ્રુટ નું ગોડાઉન હતું. એમાં ત્રણ પેટી સફરજનની અને સંતરા સહિત બીજો માલ સામાન હતો. 30 થી 35 હજાર રૂપિયાનો સામાન હતો. ગોડાઉન માંથી ધુમાડો નીકળી રહ્યો હતો ત્યારે ખબર પડી કે અંદર આગ લાગી છે. ગાજરાવાડી ફાયર સ્ટેશનના એસટીઓ વિનોદભાઈ મોહિતે એ જણાવ્યું હતું કે, ગાજરાવાડી ફાયર સ્ટેશનને ફાયર કંટ્રોલ રૂમમાંથી કોલ મળ્યો હતો કે, મકરપુરા સ્વામી રેસીડેન્સી કોમ્પ્લેક્સ એમાં એક ફ્રુટની દુકાન હતી. એ દુકાનમાં કોઈ કારણસર આગ લાગી હતી. જે શોર્ટ સર્કિટના કારણે લાગી હોય તેમ લાગી રહ્યું છે. ફાયર સેફ્ટી મૂકેલી છે, પણ એ કાર્યરત જણાયેલી નથી. ફાયરની એનઓસી છે કે નહીં એની પણ તપાસ અમે કરી રહ્યા છીએ અને એ તપાસ થયા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

### અગાઉ થયેલા ઝઘડાની અદાવતે જેલમાં કેદીઓ બાખડયા

# વડોદરા મધ્યસ્થ જેલમાં કેદી પર પતરાની પટ્ટીથી જીવલેણ હુમલો

(પ્રતિનિધિ) વડોદરા તા.26

મૂળ ઉત્તર પ્રદેશના શિવમંદન ગ્યાદીન કેવટ (ઉંમર 54) હાલ જેલના સર્કલ વિભાગ યાર્ડ નં-02, બેરેક નં-03માં સજા ભોગવી રહ્યા છે. તેઓ અગાઉ સુરતના એલપાડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં પેરોલ પર મુકાયા હતા, પરંતુ પેરોલ પૂર્ણ થયા બાદ હાજર ન થતા તેમને પોલીસે ઝડપી ફરી જેલમાં મૂકવામાં આવ્યા હતા. તા. 25 માર્ચના રોજ બપોરે આશરે 3 વાગ્યાના સમયે જેલબંદી ખુલતા તેઓ આઉટસર્કલ વિભાગમાં અરજી આપવા જઈ રહ્યા હતા. તે દરમિયાન વૃંદાવન-01 પાસે અગાઉ સાથે રહેતો ભયલુ દરબાર નામનો કેદી અચાનક આવી પહોંચ્યો હતો. બંને વચ્ચે જૂની અદાવત મુદ્દે થયેલી બોલાચાલીના કારણે ભયલુ દરબારે ઉશ્કેરાઈને પોતાના હાથમાં રહેલી પતરાની પટ્ટીથી તેમના પેટના ડાબા ભાગે જીવલેણ હુમલો કર્યો હતો. હુમલામાં શિવમંદન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેઓ જમીન પર પડી ગયા હતા. બનાવ બાદ જેલ સ્ટાફે તાત્કાલિક પ્રાથમિક સારવાર આપી અને બાદમાં વધુ સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં ડોક્ટરોએ તેમના પેટના ભાગે ઓપરેશન કરી સારવાર શરૂ કરી હતી. આ બનાવ અંગે ઈજાગ્રસ્ત કેદીના નિવેદનના આધારે પોલીસે આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# બીકોમમાં પ્રવેશ માટે એન્ટ્રન્સ ટેસ્ટના નિર્ણયને લઈ વિદ્યાર્થીઓમાં નારાજગી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.26

સયાજીરાવ ગાયકવાડની નગરીમાં સૌને સસ્તુ અને સારું શિક્ષણ આપવાના સૂત્રના લીરેલીરા ઉડી રહ્યા હોય તેવો ઘાટ સજાયો છે. યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં બીકોમમાં પ્રવેશ માટે અચાનક થોપી દેવાયેલ એન્ટ્રન્સ ટેસ્ટને લઈ વિવાદ સર્જાયો છે. ત્યારે, યુનિવર્સિટીના તઘલગી નિર્ણય સામે વિદ્યાર્થી આગેવાને સત્તાધીશોના માનસિક સ્વાસ્થ્ય માટે ઉગ્ર વિરોધની ચીમકી ઉચ્ચારી છે. રાજ્યની એક પણ યુનિવર્સિટીમાં બીકોમમાં પ્રવેશ માટે એન્ટ્રન્સ ટેસ્ટ આપવો પડશે તેવી કોઈ પ્રવેશ પ્રક્રિયાની પ્રથા નથી, તો માત્ર એમ એસ.યુનિવર્સિટીમાં જ આ પ્રથા કેમ ? તેવા સવાલો ઉઠ્યા છે. વિદ્યાર્થીએ આગેવા નિખિલ સોલંકીએ આક્ષેપ કર્યો હતો કે સત્તાધીશોના આ નિર્ણયથી સરકારી શાળાઓ અને ગુજરાતી માધ્યમમાં ભણતા મધ્યમ કે ગરીબ વર્ગના વિદ્યાર્થીઓના રસ્તા રોકવામાં આવી રહ્યા છે જે વિદ્યાર્થીઓ માંડ ફી ભરી શકે છે, તેઓ હવે એન્ટ્રન્સના નામે મોંઘી પ્રાઈવેટ યુનિવર્સિટીઓ તરફ ધકેલાશે અથવા ઉચ્ચ શિક્ષણથી વંચિત રહી જશે.

# છાણીમાં અકસ્માત બાદ તકરાર લોહિયાળ બની, જીવલેણ હુમલો કરતા વૃદ્ધ લોહીલુહાણ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.26

છાણી વિસ્તારના સ્વામીનારાયણ ટેનામેન્ટમાં રહેતા કમલેશભાઈ ગોવિંદલાલ કાછીયા (ઉ.વ.63) પોતાના પુત્ર કૃષ્ણાને નોકરી માટે બાજવા મુકવા જતા હતા. તે દરમિયાન આશાપુરી માતાજીના મંદિર પાસે પાછળથી રોનક પુરોહિતે તેમની બાઈકને ટક્કર મારી હતી. ટક્કર લાગતા બંને બાઈક પરથી નીચે પડી ગયા હતા. આ પછી બંને પક્ષ વચ્ચે તકરાર થઈ હતી ત્યારબાદ મામલો વધુ ઉગ્ર બનતા મારામારી શરૂ થઈ ગઈ હતી. કમલેશભાઈના જણાવ્યા મુજબ, રોનકે તેમના અને તેમના પુત્ર સાથે મારામારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ દરમિયાન અજાણ્યા એક વ્યક્તિએ પણ આવીને હુમલો કર્યો હતો. ઘટનાની જાણ થતા 108 એમ્બ્યુલન્સ તથા 112 જનરક્ષક ટીમ સ્થળ પર પહોંચી અને ઈજાગ્રસ્તોને બાજવા સીએચસી ખાતે ખસેડ્યા બાદ વધુ સારવાર માટે સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. કમલેશભાઈને નાક, પગ અને ખભા પર ઈજાઓ પહોંચી હતી. બીજી તરફ, રોનક નરપતસિંહ પુરોહિત (ઉ.વ.30)એ પણ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ હનુમાનજીની ટેકરી ખાતે દર્શન કરવા જઈ રહ્યા હતા ત્યારે સામેથી આવી રહેલા કમલેશભાઈ અને તેમના પુત્રએ સાઈડ ન આપતા તકરાર થઈ હતી. બાદમાં ગાળો બોલી તેમને માર મારવામાં આવ્યો હતો. ઝઘડો વધી ન જાય તે માટે દિપકભાઈ નામના વ્યક્તિએ વચ્ચે પડી મામલો શાંત પાડ્યો હતો. ત્યારબાદ રોનકે 112 પર કોલ કર્યો હતો અને પોતાની તબિયત બગડતા સારવાર માટે શ્રીજી હોસ્પિટલમાં દાખલ થયા હતા. છાણી પોલીસે બંને પક્ષોની ફરિયાદના આધારે ચાર જેટલા લોકો સામે ગુનો નોંધ્યો છે.

### પાણી માટે કાયમી નિરાકરણ નહી પણ ક્યાંક ને ક્યાંક રોજ લીકેજ !

# સયાજીગંજ વિસ્તારમાં પાણીની લાઈનમાં ભંગાણ, હજારો લીટર પાણીનો વેડફાટ



(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં આજે પીવાની પાણીની મુખ્ય લાઈનમાં મોટું ભંગાણ સર્જાતા લાખો લીટર શુદ્ધ પાણીનો વેડફાટ થયો હતો. શહેર જ્યારે ઉનાળાની કાળઝાળ ગરમીનો સામનો કરી રહ્યું છે, ત્યારે રસ્તા પર વહેતા પાણીને જોઈને સ્થાનિકોમાં તંત્ર સામે ભારે નારાજગી જોવા મળી હતી. સયાજીગંજ વિસ્તારમાં આવેલા બીબીસી ટાવર પાસે પાણીની લાઈન લીકેજ થવાને કારણે રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. પરિસ્થિતિ એવી સર્જાઈ હતી કે ભર ઉનાળે માર્ગો પર ચોમાસા જેવો નજારો જોવા મળ્યો હતો. એક તરફ વડોદરાના અનેક વિસ્તારોમાં ઓછા પ્રેશરથી કે અપૂરતા પાણીની બૂમરાણ છે, ત્યારે બીજી તરફ આ પ્રકારે ચોખ્ખું પીવાનું પાણી ગટરમાં વહી રહ્યું હતું. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, શહેરમાં અવારનવાર વિવિધ વિસ્તારોમાં પાણીની લાઈનોમાં ભંગાણ પડવાની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે. તંત્ર દ્વારા આ બાબતે કોઈ નક્કર કે કાયમી નિરાકરણ લાવવામાં આવતું નથી, જેના પરિણામે દરરોજ ક્યાંક ને ક્યાંક લાઈન લીકેજ થવાના કિસ્સાઓ સામે આવે છે.

સયાજીગંજની આ ઘટનામાં પણ લાંબા સમય સુધી પાણીનો વેડફાટ ચાલુ રહ્યો હતો, પરંતુ તંત્ર દ્વારા તાત્કાલિક કોઈ પગલાં લેવામાં આવ્યા ન હોવાનો આક્ષેપ થયો છે. લીકેજને કારણે આસપાસના વિસ્તારોમાં પાણીના વિતરણ પર અસર પડી શકે તેવી શક્યતા સેવાઈ રહી છે. સ્થાનિક રહીશોની માંગ છે કે કોર્પોરેશન દ્વારા વહેલી તકે આ ભંગાણનું સમારકામ કરવામાં આવે અને પાણીના વેડફાટને અટકાવવામાં આવે.

